# જીવનમાંથી હું શું શીખી ?

પૃથ્વી નામના આ સુંદર ગ્રહ પર મેં પહેલવહેલી આંખો ખોલી ત્યારથી આજ સુધીમાં મને જે જાતજાતના અનુભવો થયા છે, તેમાંથી સૌથી મહત્ત્વની વાત હું એ શીખી છું કે કોઈ મારું પોતાનું નથી અને કોઈ મારું પરાયું નથી.

આ વાક્યમાં કોઈ શબ્દરમત નથી, કોઈ ચતુરાઈ નથી, માત્ર નિર્ભેળ સત્ય છે. કદાચ શરૂઆતમાં આઘાતજનક લાગે પણ ધીમે ધીમે મને તો ખાતરી થઈ છે અને આપ સૌને પણ શાંતિથી વિચાર કરશો તો લાગશે જ કે વાત ખોટી નથી.

માણસમાત્રને પ્રેમની ભૂખ હોય છે. એ પ્રેમ સંપૂર્ણ અને શાશ્વત હોવો જોઈએ એવી આપણી ઇચ્છા હોય છે. પણ એ કદી શક્ય હોય છે ? જે વ્યક્તિ તરફથી આવો પ્રેમ મળે એને માટે તમે તરફડો છો તે વ્યક્તિના હૃદયમાં બીજા કેટલાયને માટે સ્થાન નથી હોતું ? ભાગે પડતા પ્રેમથી તમને પૂરેપૂરો સંતોષ થાય છે ખરો ? વળી એ પ્રેમના પ્રવાહમાં ભરતીઓટ નથી આવતાં ? ક્યારેક એ ધારા ક્ષીણ થતી થતી સાવ સુકાઈ ગઈ છે એવો ડર તમને નથી લાગતો ? તો તમે એ વ્યક્તિને સંપૂર્ણપણે તમારી પોતાની શી રીતે ગણી શકો ?

ચાલો ને, બીજા કોઈની વાત શું કરવા કરવી ? તમારો પોતાનો જ વિચાર કરો. તમે શું કોઈને સતત સંપૂર્ણપણે ચાહી શક્યા છો ? તમારા હૃદયનાં દ્વાર સંસારના બીજા બધા જીવો માટે હંમેશ બંધ રહ્યાં છે ? મને એવું લાગે છે કે આ અશક્ય છે. જીવન તો એક મુક્તપણે વહેતો પ્રવાહ છે. એમાં અણધારેલા ફેરફાર આવવાના જ. એ કંઈ યુગોનો પડકાર ઝીલતો ગગનચુંબી પર્વત નથી જે સદાય એકનો એક દેખાય. એ દેખાવ પાછળ પણ કંઈ કેટલાંય સંચલનો સક્રિય નહીં હોય તે કોણે જાણ્યું ?

જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં ગતિ છે. ગતિ છે ત્યાં પરિવર્તન છે, પછી તે પ્રિય લાગે તેવું હોય કે અપ્રિય લાગે તેવું. એને સહન કર્યે જ છૂટકો. કેટલીક વાર એવું પણ બને છે કે જે શરૂઆતમાં અપ્રિય હોય તે 'અંતતો ગત્વા' પ્રિય બની જાય અને એથી અવળું પણ બને. જીવન નામના શિક્ષકની શાળામાં દાખલ થયા પછી આવા તો કંઈ કંઈ અઘરા પાઠ શીખવાના આવશે. પણ એથી કંઈ કાયર થઈને નાસી નહીં જવાય. જે શીખવાનું છે તે શીખવું જ પડશે. છેક છેલ્લે તો ટન ટન કરતા દિશાઓ ગજવતા ટકોરા પાડવાના જ છે અને જીવનના પડદાની પેલે પાર રહેલી રહસ્યમય સૃષ્ટિનાં દર્શન પણ થવાનાં છે. એ ક્ષણ આવતાં પહેલાં અહીં જેટલું શીખી લેવાય તેટલું શીખવામાં આળસ ન કરાય. કરીએ તો એનો એ પાઠ ફરીફરીને શીખવો પડે અને એ કંઈ આનંદજનક ન લાગે.

ચાલો, મારા પહેલા વિધાનનો ફરી વાર વિચાર કરીએ. કોઈ પોતાનું નથી તે સત્ય તો સૌને વખત આવ્યે સમજાય છે. કોઈ તમાચો મારીને ગાલ લાલ રાખે અને કોઈ નિરાશાની ગર્તામાં ડૂબી જાય. આવું ન હોત તો આપણા સમાજમાં આટલા બધા છૂટાછેડા અને ઘરડાંઘર ક્યાંથી હોત ? દંભની રેશમી ચાદર ખભે નાખીને ફરવાનું આપણને બધાને ફાવી ગયું છે બાકી કોણ છાતી ઠોકીને કહી શકે છે કે લાડથી ઉછેરેલાં પુત્રપુત્રીઓ પર રાખેલી આશાઓ શતપ્રતિશત ફળીભૂત થઈ છે ?

અલબત્ત, બધા કિસ્સામાં અદાલતની સર્ચલાઇટની જરૂર ન પણ પડે. આપણે ગુજરાતીઓ વ્યવહારડાહ્યા ગણાઈએ છીએ, કાણાને કાણો કહેવાનું જરૂરી સમજતા નથી, ખાસ કરીને ભરબજારે ! પણ મનના એકાંતમાં શું નથી જાણતા કે આશાના મિનારા જરા વધારે પડતા ઊંચા ચણાઈ ગયા હતા ? અને હૈયું તો ઘણું નાજુક હોય છે. ફૂંક મારતાંયે કરમાઈ જાય. સંતાનો ભલેને પોતાની

બધી જવાબદારીઓ વ્યવસ્થિત રીતે અદા કરતાં હોય, એમની જાણ બહાર ભોંકાઈ જતી અવગણનાની ટાંકણી આપણા આનંદના ફુગ્ગાને પળવારમાં ભોંયભેગો નથી કરી દેતી ? આ તો સૂક્ષ્મ વાતો થઈ. સમાજમાં તો આનાં વરવાં અને વિકરાળ રૂપ ઠેર ઠેર જોવા મળે છે.

વફાદારીની વ્યાખ્યાઓ દેશ અને કાળ પ્રમાણે બદલાતી રહે છે. માણસ મનેકમને એ બદલાતાં ચોકઠાંમાં પોતાની જાતને ગોઠવતો રહે છે; પરંતુ સંપૂર્ણપણે સફળ અને સુખી લગ્નજીવન ભાગ્યે જ જોવા મળે છે, અને માનો કે જોવા મળે તો પણ જીવનના અંત સુધી તે એવું જ નવપલ્લવિત અને સુગંધિત રહેશે એની કોઈ ખાતરી હોતી નથી. મામલો પરસ્પર સગવડભરી સમજૂતીનો બની જાય છે.

અને પેલો હાથનો મેલ ? પૈસો ? એની તો વાત જ કરવા જેવી નથી. કેટલા બધા કિસ્સામાં એને કારણે સંબંધો વિલાઈ જાય છે, ઘૃણાસ્પદ વ્યવહાર થાય છે અને નિર્ઘૃણ અપરાધ કરતાંયે કોઈ પાછું પડતું નથી ? એકેએક માણસ જાણે છે કે સંપત્તિ કાયમ ટકવાની નથી, જેમને માટે એના ઢગલા વધારવામાં રાતદિવસ મચ્યા રહીએ છીએ એમને પણ એની ખરેખરી કિંમત થવાની નથી અને સારાસારનું ભાન ભૂલીને જેનો સંચય કરવામાં મહામૂલું આયખું વેડફી રહ્યા છીએ તે ખરેખર તો એક નિરર્થક બોજ છે; તેમ છતાં આ પ્રવૃત્તિ કોઈ છોડતું નથી. અને એમાં ગુમાવેલાં વરસો દરમિયાન તમને ક્યારેય એવું નથી લાગ્યું કે જેમને તમે ખરેખર પોતાનાં માન્યાં હતાં તેઓ પોતાનાં હતાં જ નહીં ?

સત્તા અને સફળતાની શોધમાં પણ આવા અનુભવો અવારનવાર થતા રહે છે. જેને જમણો હાથ માનીએ તે ક્યારેક ખંજરસોતો દેખાય છે. ચપળતાથી ખસી ન જઈએ તો ખંજર ભોંકાય પણ ખરાં. લોહીલુહાણ થઈ જઈએ. આયુષ્ય હોય તો બચી જઈએ અને પાછા નવા અનુભવની રાહ જોઈએ.

જવા દો, આ બધી વાતો બહુ કરવા જેવી નથી. યાદ કરવા જેવીયે નથી. બોધપાઠ લઈ લેવાનો, અને વિસારે પાડવાની ને બોધપાઠ એ છે કે કોઈ પોતાનું નથી. વરસો વીતતાં જશે અને અનુભવો વધતા જશે તેમ એની પીડાની તીવ્રતા ઘટતી જશે અને આખરે જીવનની શાળાનો આ પહેલો પાઠ – કોઈ પોતાનું નથી – તમે બરાબર શીખી જશો અને કોઈ શીખવા માગતું હોય તો શિખવાડી પણ શકશો. જોકે એવું બહુ વાર બનતું નથી. બહુ વાર શું, એકે વાર બનતું નથી. માણસને ભ્રમણામાં રાચવાનું ગમે છે, વાસ્તવિકતા સામે જોવાનું એ ટાળે છે.

મને આવા ઘણા પાઠ મળી ચૂક્યા છે અને એનો સાર મેં એ કાઢ્યો કે ખરેખર તો કોઈ જ મારું પોતાનું – એટલે કે મારું એકલીનું નથી. આ જ્ઞાન કડવું છે પણ કીમતી છે. એને ગાંઠે બાંધ્યાથી જીવનના ઘણા બધા કોયડા સહેલાઈથી ઉકેલી શકાય છે અને તળેટીના જંગલમાં જ ભૂલા પડીને ભટક્યા કરવાને બદલે જરા ઉપરનાં શિખરો તરફ પ્રયાણ કરવાનું મન થાય છે. હું ધારું તો આવા કેટલાક પ્રસંગો ટાંકી શકું પણ એની કોઈ જરૂર નથી. તમારા બધાના જીવનમાં ઓછેવત્તે અંશે આવું કંઈક બની જ ગયું હશે અને એના ઘા રુઝાઈ ગયા હશે અથવા વખત જતાં રુઝાશે. એટલે આ બધું પિષ્ટપેષણ જવા દઈને મારા વાક્યના ઉત્તરાર્ધની વાત કરું.

'કોઈ પરાયું નથી !' એક વિચાર તરીકે જ આ મનોહર અને ઊર્ધ્વગામી લાગે છે. આપણે ઘણી વાર આ વાત પ્રવચનોમાં સાંભળી હશે અને સારાં પુસ્તકોમાં વાંચી હશે. ક્યારેક દૈનિક વર્તમાનપત્રોમાં પણ સનસનાટીભર્યા સમાચારોના અભાવે આવું કંઈક સમાવી લેવામાં આવે છે અને આપણી નજરે ચડે છે. એટલે વાત તો નવી નથી જ. મૌલિક તો હોય જ નહીં ને ? તો શા માટે મારે તમારો સમય બગાડવો જોઈએ ? આ પ્રશ્ન તમારી જેમ જ મારા મનમાંયે આવે છે. પણ અહીં મારે માત્ર તાત્ત્વિક ચર્ચા નથી કરવી. મારા જીવનમાં બનેલા કેટલાક કિસ્સા તમને

કહેવા છે. હું વાર્તાઓ લખું છું એટલે આ પણ કોઈક લખેલી કે લખવા ધારેલી વાર્તા છે એવું ન માની લેશો. સમય અને સાલ સાથે મારે બહુ લેવાદેવા હોતી નથી એટલે કેટલુંક આગળપાછળ થઈ જાય એ બનવાજોગ છે પણ ખરેખર તો આ બધા પ્રસંગો મારી જિંદગીમાં બનેલા જ છે અને મને કંઈક શીખવી ગયા છે એટલે અપ્રસ્તુત નથી.

બાળસાહિત્ય વિશેના કોઈ રાષ્ટ્રીય સમારંભમાં ગુજરાતીના પ્રતિનિધિ તરીકે હું ને આપણા પ્રાગજીભાઈ ડોસા લખનૌ ગયાં હતાં ત્યારની વાત છે. ભાર્ગવ પબ્લિશર્સનું નામ મોટું, તેઓ અમારા યજમાનોમાંના એક હતા. એમનું ઘર એટલે એકાદી નાનકડી પોળ જ જોઈ લો. અજબની આંટીઘૂંટી – આમ જુઓ તો છૂટાં મકાનો પણ અંદરથી બધાં જોડાયેલાં. જૂના વખતનું બાંધકામ, જોવામાં સરસ લાગે પણ આધુનિક સગવડો ઓછી.

હવે થયું એવું કે બધા પ્રતિનિધિઓનો ઉતારો કોઈ હોટલમાં હતો. પણ મારી સાથે કોઈ ગયા ભવની લેણાદેણી હશે એટલે વડીલ ભાર્ગવ દંપતિએ મને જોતાંવેંત નક્કી કરી લીધું કે મારે એમની સાથે એમને ઘરે જ રહેવું જોઈએ. મારી ઉંમર તે વખતે નાની એટલે આ બંને વૃદ્ધોને માથે મારી આગતાસ્વાગતાનો ભાર નાખવાનું મને ઠીક ન લાગ્યું. મેં કહ્યું, 'મૈં ભી ઇન લોગોં કે સાથ ચલી જાઉંગી.'

'યહ કૈસે હો સકતા હૈ ? હમારી બહન ક્યા હોટલમેં ઠહરેગી ?'

એમનો એટલો સ્નેહપૂર્ણ આગ્રહ હતો કે આ 'બહન'નું કંઈ ચાલ્યું નહીં. હું ત્યાં જ રહી. માની ઉંમર તો મોટી ઉપરાંત સ્વાસ્થ્ય પણ સારું નહીં. બિચારાં માંડમાંડ ચા બનાવે અને હાંફતાં હાંફતાં આપવા આવે તેમાં પાછો ભાર્ગવજીએ વટહુકમ બહાર પાડ્યો. 'હોટલ કા ખાના બહન કો કૈસે ખિલા સકતે હૈં ? તુમ હી રોટી બના લો.'

થયું ? એમને કેવી રીતે સમજાવી શકાય કે બહેન તો લખનૌની હોટલમાં કેવું ખાવાનું મળે છે તે જાણવા ઘણી આતુર છે ? પછી મારે કમને એમનું ફરમાન સ્વીકારવું પડ્યું. પણ મજાની વાત એ થઈ કે શ્રીમતી ભાર્ગવે મારી સાથે રસોડામાં બેઠાં બેઠાં દિલના પટારા ખોલી નાખ્યા. ઘણી બધી વાતો કરી અને મારી સાથે એક નાજુક સ્નેહસંબંધ બાંધ્યો. મારા જીવનની મૂલ્યવાન પ્રાપ્તિઓમાંથી આ એક.

આવું ને આવું હું હિમાલયની ચાર ધામ યાત્રામાં ગઈ હતી ત્યારે બનેલું. કડકડતી ઠંડી. ગંગોત્રીનાં નિર્મળ જળમાં આંગળી બોળીએ તોયે ઠરી જાય. મારી સાથેના લોકોએ ડહાપણભર્યો નિર્ણય લીધો કે નહાવાની કોઈ જરૂર નથી. અહીં લગી આવ્યાં એટલે જાત્રા વળી જ કહેવાય. પણ આપણું મનમાંકડું કૂદાકૂદ કરે. આખરે યાહોમ કરીને ઝંપલાવ્યું. શરીર તો જાણે બળી ગયું પણ બાજુમાં બેઠેલા એક વિદ્વાનને મોંએ ગવાતા ગંગાજીની સ્તુતિના શ્લોકો સાંભળવાનો લહાવો મળ્યો તે સ્મૃતિમાં જડાઈ ગયો. પછી બ્રહ્મકપાલ પર પૂર્વજોને યાદ કરીને પૂજા કર્યા બાદ ઉતારો મળ્યો. કેવો એ ઉતારો ? વચ્ચે થોડુંક તાપણા જેવું અને આસપાસ સાંકડેમાંકડે ગોઠવાયેલા લોકો. આખી રાત બેઠેબેઠે જ કાઢવાની હતી. થોડેક દૂર બેઠેલી એક કન્યાની ને મારી આંખો મળી. પહેલાં સ્મિત પછી ચહેરા પર ભાવની ભરતી. આસ્તે આસ્તે પાસે સરકીને એણે કહ્યું, 'તમને ખબર છે, આ તો મારી અહીંની છેલ્લી રાત છે ?'

હું હબકી ગઈ. આટલી કુમળી ને સુંદર છોકરીને મોંએ આ તે કેવી વાત ? એની બોલી મને થોડીઘણી સમજાતી હતી પણ એની ભાષામાં બોલવાનું સામર્થ્ય નહોતું. તેમ છતાં કોઈક રીતે અમે બંને વાતે વળગ્યાં. પછી સમજાયું કે બીજે દિવસે એ પોતાને સાસરે જવાની છે. એને કોને ખબર શું થયું હશે કે એણે કહ્યું, 'તમે બિલકુલ ઊંઘશો નહીં.'

'કેમ ?' મેં પૂછ્યું.

'અરે, તમે સમજતાં કેમ નથી ? કાલે તો હું ચાલી જઈશ. પછી આપણે ક્યારે મળીશું ? ક્યારેય નહીં. ક્યારેય નહીં.' એની આંખમાં આંસુ આવી ગયાં.

હું મૂંઝાઈ ગઈ. એની વાત તો સાચી જ હતી. પણ જેની સાથે કંઈ લાગેવળગે નહીં એવી એના કરતાં ખાસી મોટી સ્ત્રી સાથે એને આવો ઓચિંતો સ્નેહસંબંધ ક્યાંથી બંધાઈ ગયો એની મને સમજ ન પડી. હું એની સામે જોઈ રહી પછી એ બોલી, 'ચાલો આપણે વાતો કરીએ. આ આજની જ રાત તો છે આપણી પાસે.'

ઠીક, મેં આવડી એવી ભાષામાં એની સાથે વાતો કરી. વધારે તો એની વાતો સાંભળી. એમ કરતાં કરતાં સવાર પડી એટલે એણે મારો હાથ પકડી લઈને કહ્યું, 'મને ખબર છે. તમે મને ભૂલી જશો.'

'ના. નહીં ભૂલું.'

'ખરેખર ?' એનો ચહેરો એકદમ ખીલી ઊઠ્યો. પછી પ્રસન્ન ભાવે મારી સામે જોતી જાય અને વાતો કરતાં કરતાં વચ્ચે અટકીને કહે – 'વચન આપો, મને ભૂલી નહીં જાઓ ને ?'

'નહીં ભૂલું.' દર વખતે હું એને ખાતરી આપતી. આજે પણ નથી ભૂલી; પરંતુ એને જણાવવાનો કોઈ રસ્તો નથી. સરનામાં પરસ્પર લીધાં નહોતાં. એનો કંઈ અર્થ પણ નહોતો. છતાં એ પહાડી કિશોરીનો આકસ્મિક પ્રેમ હજી મનમાં આશ્ચર્ય પ્રેરે છે. શાથી એને આવી લગની લાગી હશે ? ખબર નથી આજે એ ગૃહિણી, કદાચ માતા બનીને એનો સુખી સંસાર ચલાવતાં ક્યારેક મને યાદ કરતી હશે કે નહીં – ઘણે ભાગે નહીં જ કરતી હોય અને એ જ બરાબર છે – પણ આ પ્રસંગ એક મધુર સ્મૃતિ બનીને મારા મનમાં જળવાઈ રહ્યો છે. કોઈ પરાયું નથી, કોઈ પરાયું નથી. શી ખબર કેવી રીતે ક્યારેક કોઈ અજાણ્યું માણસ એકદમ આત્મીય બની જાય છે. 'यथा काष्ठं च काष्ठं च समेयातां महोदधौ, समय च व्यपेयातां तद्वत् भूतसमागमः'

પાછી આ એકલાં માણસોની વાત નથી. એક વખત એક કૂતરાએ પણ બિલકુલ અણધારી રીતે ઓળખાણ કાઢી હતી. થયું એવું કે હું ઉતાવળે ઉતાવળે અમારી વાડીમાં પેસતી હતી ત્યાં એક કૂતરો કંઈક ગુસ્સાથી ભસીભસીને બધાને ડારતો હતો તે તરફ મારું ધ્યાન ગયું એટલે હું ખંચકાઈને ઊભી રહી ગઈ. દોડીએ તો કૂતરા પાછળ પડે એટલી ખબર હતી એટલે એ સાહસ તો ન કર્યું પણ માત્ર સામે જોયા સિવાય બીજું શું થઈ શકે તે ન સમજાયું.

એટલામાં ત્યાં રમતાં છોકરાંમાંથી એક નાની બાલિકાએ મને કહ્યું, 'જાઓ, જાઓ, તમને કંઈ નહીં કરે.'

'અરે !'

'સાચું કહું છું. એ તમને ઓળખે છે. રોજ તમને જુએ છે ને ?'

મને એટલી બધી શરમ આવી ! અરે, આ કૂતરો મને ઓળખે છે અને મને એના અસ્તિત્વનું ભાન જ નથી ? હું એવી તે કેવી બેધ્યાન ? પણ છોકરીની વાત સાચી હતી. હું પાસે ગઈ એટલે એણે ભસવાનું બંધ કર્યું, પૂંછડી હલાવી અને ચાર-છ ડગલાં મારી સાથે ચાલી પાછો વળી ગયો. કેટલો મામૂલી પ્રસંગ ! પણ એ હું ભૂલી નથી શકતી. આપણી આસપાસ કોણ છે, શું ચાલી રહ્યું છે એનો આપણને ખ્યાલ જ ન આવે એ કેટલું ખરાબ કહેવાય ! અને આ – આપણાથી ઊતરતી કોટિનું પ્રાણી – આપણને ઓળખે, આપણી અદબ રાખે એ કેવી અજબ વાત ! સાચે જ, આ સંસારમાં આપણે બધાં પરસ્પર સંકળાયેલાં જ હોઈશું. કોઈ પરાયું નહીં હોય, પણ એ વાત મનમાં ઊતરે ત્યારે ને ?

'સુધા'માં માનદ તંત્રી રહેવાનો કાળ પૂરો થયો હશે એટલે મારે ત્યાંથી જવાનું થયું. એ જમાનો

હૅન્ડકમ્પોઝનો. અલગ ખાનાંમાંથી બીબાં લઈ લઈને લાઇનસર ગોઠવવાં પડે. ઘણું કષ્ટનું કામ. અમારી ઑફિસ ઉપલે માળે. નીચે કમ્પોઝ ડિપાર્ટમૅન્ટ. કોઈક વાર આંટા મારું એટલો જ સંબંધ. છેલ્લે દિવસે નીકળતી વખતે જોઉં છું તો એક કમ્પોઝીટર અશ્રુભરી રાતી આંખે સામો આવીને ઊભો રહ્યો.

'અરે ! શું થયું છે તમને ?' મેં પૂછ્યું.

પહેલાં તો એ કંઈ બોલ્યો નહીં. બોલી જ ન શક્યો. પછી માંડમાંડ આંખો લૂછીને કહે, 'તમે જાઓ છો ?'

'હા.'

'બહેન ! ફરી ક્યારે તમને જોઈશ ?'

એને આશ્વાસન આપવાની મારી હિંમત નહોતી ચાલતી છતાં જરાક હસીને કહ્યું, 'આવીશ ને કોક દહાડો તમને બધાને મળવા ?'

'ખરેખર ?'

એને શી રીતે કહું – ખરેખર ? જે જગ્યાએ અગિયાર વરસ સુધી વગર પગારે દિલ દઈને કામ કર્યું હતું ત્યાંથી નીકળતી વખતે એક અદના કારીગરનાં બે આંસુની અણમોલ ભેટ લઈને નીકળતાં મારું મન આભારની લાગણીથી છલકાઈ ગયું. એ ભાઈ શું પરાયો હતો, કે સ્વજનથીયે વિશેષ ?

બીજો એક પ્રસંગ યાદ આવે છે. ભવન્સ કૉલેજમાં નોકરીનું પહેલું વરસ. પ્રશ્નપત્ર કાઢવાનો કોઈ અનુભવ નહીં. છતાં માથે આવી પડ્યું એટલે કાઢ્યો. કૉલેજનોયે એ પ્રારંભિક કાળ. અંધેરીમાં છૂટી છૂટી બૅરેકમાં કૉલેજ ચાલે. કામ પત્યા પછી બૅરેકો વચ્ચેના રસ્તા પર લહેરેલહેરે જતી હતી ત્યાં અવાજ આવ્યો, 'મિસ પટેલ !'

આમતેમ જોયું તો ડાબી બાજુની બૅરેકના બારણામાં અમારા દક્ષિણ ભારતીય કારકુનનું મોં દેખાયું. હું અટકી ગઈ. જરા પાસે જઈને પૂછ્યું, 'કંઈ કામ છે ?'

'હા. જરા અંદર આવો.'

મને કશી સમજ પડી નહીં છતાં અંદર જઈને મેં કહ્યું, 'શું છે ?'

એણે મારો પ્રશ્નપત્ર સામે ધરીને કહ્યું, 'જુઓ, તમે અહીંયાં આ બધી વીગતો ભરવાની ભૂલી ગયાં છો. પ્રિન્સિપાલ પાસે આ પ્રશ્નપત્ર જશે તો તમારી ધૂળ કાઢશે.'

'અરે, હવે શું કરું ?'

'કંઈ નહીં. અહીં બેસો ને હું સુધરાવું તેમ બધું સુધારી લો. પછી હું ટાઇપ કરીશ, કોઈને ખબર નહીં પડે.'

મેં એની સૂચના પ્રમાણેના ફેરફાર કર્યા. શરમ તો ઘણી આવતી હતી પણ શું કરું ? એનો આભાર માનીને મેં મારી ભૂલ બદલ દિલગીરી વ્યક્ત કરી.

'અરે, આટલું બધું મન પર નહીં લેવાનું. જો, આ સિનિયર પ્રોફેસરે પણ આવી જ ભૂલ કરી છે.'

'ઓહો, તો હું પાછી જઈને એમને બોલાવી આવું ?'

'ના રે, કશી જરૂર નથી. એમની ભૂલ બતાવીશ તો એમનો મિજાજ જશે. છો ને જેવું લખ્યું છે તેવું જ જાય. એ જાણે ને પ્રિન્સિપાલ જાણે.'

'તો પછી મારું કેમ સુધરાવ્યું ?'

'કોઈ તમને ઠપકો ન આપે એટલા માટે. પણ જુઓ, આ વાત કોઈને કરશો નહીં.'

હવે બોલો, આવી લાગણી આ માણસને શાથી થઈ ? એને મારા પ્રત્યે કંઈક આત્મીય ભાવ શા માટે જાગ્યો ?

તે વખતે પણ સ્ટેશન લગીનો લાંબો રસ્તો કાપતાં મને એ જ વિચાર વારંવાર આવતો હતો. આખી દુનિયા સ્વજનોથી જ ભરેલી છે, આપણને સમજ નથી પડતી.

જોકે એ ભાઈ તો છ મહિનાથી મને ઓળખતા હતા. ઇન્દોરથી પાછાં આવતાં મને એક અજબ અનુભવ થયેલો. ઇન્ટર ક્લાસની ટિકિટ કઢાવેલી. બેસવાની જગ્યા મળે નહીં. ઘણો સામાન નહોતો એટલે એકબે થેલા પગ પાસે રાખીને હું એક બારીને ટેકે ઊભી રહી. થોડી થોડી વારે સહપ્રવાસીઓની કુતૂહલભરી નજર મારા પર પડે ખરી પણ કોઈ થોડું ખસવાની કે મને બેસવા જેટલી જગ્યા આપવાની ચેષ્ટા કરે નહીં. થોડી વાર પછી કોઈએ પૂછ્યું, 'કહાં જાના હૈ ?'

'બંબઈ' કહીને મેં બારીની બહાર જોવા માંડ્યું. ત્યાર પછી પાંચ-દસ મિનિટે કોઈએ ખભા પર હાથ મૂક્યો. હું ચમકી પણ જોયું તો કોઈ મારી જ ઉંમરની મહિલા હતી. એ બોલી, 'ક્યા સારી રાત ખડી રહોગી ?'

'ઔર ક્યા કરુંગી ?'

એણે પોતે બિછાવેલા બિસ્તરા તરફ હાથ કરીને કહ્યું, 'આઓ, યહાં બૈઠ જાઓ.' હું બને એટલી ઓછી જગ્યા રોકીને એના બિસ્તરાને સહેજ વાળીને બેઠી. મને બેઠેલી જોઈને એ પાસે આવી અને પોતાના બિસ્તરા પર સૂઈ ગઈ. વળી કંઈક ધ્યાન આવ્યું હશે તે મારો સામાન પાટલી નીચે ગોઠવવા ઊઠી. એકાદ સ્ટેશન ગયું હશે એટલામાં પાછી ઊઠીને કહે, 'ઐસા નહીં ચલેગા. તુમ સો જાઓ.'

મેં ઘણી ના પાડી પણ એણે માન્યું નહીં. ધરાર પોતાના બિસ્તરા પર મને સુવાડી ને પોતે પાટલીના છેડા પર બેઠી. મને નવાઈ લાગી. આવું તે કોઈ કરી શકે ? મનમાં એવો હલકો વિચાર પણ આવી ગયો કે હું ઊંઘી જાઉં પછી એ મારા પાકીટમાંથી કંઈ કાઢી લે તો ? પણ એનો સ્નેહાર્દ્ર ચહેરો જોઈને મને મારા વિચાર બદલ શરમ આવી. બીજા સ્ટેશને મેં ઊઠીને એને સૂવાનો આગ્રહ કર્યો પણ એને કોને ખબર શું થયું હશે તે એ બાળકને મા સુવાડે એવું ધીમું હાલરડું ગાવા માંડી અને મને 'સો જાઓ' કહીને થાબડવા લાગી.

ઘણા વખત લગી આવું લાડ મને કોઈએ કર્યું નહોતું – આ મારી લગભગ સમવયસ્ક બાઈને આવું કેમ સૂઝ્યું હશે એ આજ લગી આશ્ચર્ય રહ્યું છે. 'બંબઈ આ ગયા.' કહીને એણે મને ધીમેથી ટપારી ત્યારે જ હું જાગી. એનો આભાર માનવાના શબ્દો મારી પાસે નહોતા. હજીયે જડતા નથી. કોઈ રાતભરની ઊંઘ જતી કરીને એક અજાણી સ્ત્રીને આટલા પ્રેમથી પોતાના બિસ્તરા પર સુવાડે અને વાત્સલ્ય વરસાવે એવું તે ક્યાંય બનતું હશે ? પણ બન્યું હતું. ઇન્દોરથી મુંબઈ જતી ટ્રેનના ઇન્ટર ક્લાસમાં. હું ક્યારેય શી રીતે કહી શકું કે જગત પરાઈ વ્યક્તિઓથી જ ભરેલું છે ?

જિંદગીનો આ ખેલ છે. કોઈ વખત પોતાનાં તે પરાયાં બની જાય છે અને કોઈ વખત પરાયાં તે પોતાનાં બની જાય છે. જિંદગીએ મને શીખવેલા પાઠમાંથી આ કદાચ સૌથી મહત્ત્વનો છે. બીજી પણ એક-બે વાતો છે. ક્યારેક આપણને ઓચિંતું સમજાઈ જાય છે કે 'હું' તરીકે જેને ઓળખીએ છીએ તે માત્ર આ પાંચ ફૂટના પાંજરામાં કેદ નથી. એનું અસ્તિત્વ કોઈક વખત આખી માનવજાત લગી વિસ્તરે છે. મને એની ખબર પડી નીલ આર્મસ્ટ્રૉન્ગે ચંદ્ર ઉપર પગ મૂક્યો ત્યારે. આ સમાચાર જ્યારે મોટા અક્ષરે છાપાંના પહેલા પાના પર છપાયેલા જોયા ત્યારે મારા આશ્ચર્ય અને આનંદની કોઈ અવધિ રહી નહોતી. ત્યાર લગી અફર સત્ય તરીકે સ્વીકારેલી બધી હકીકતોનો વૈજ્ઞાનિકોએ ભાંગીને ભુક્કો બોલાવી દીધો હતો. અભેદ્ય ગણાતું અવાજનું પટલ તોડીને આર્મસ્ટ્રૉન્ગ છેક ચંદ્ર

પર પહોંચ્યો હતો ! આર્મસ્ટ્રોન્ગ શાનો, હું પોતે જ ત્યાં પહોંચી ગઈ હતી. માણસ હોવાનું ગૌરવ અનુભવતી હતી. એ પળનું સત્ય, આહ્લાદ અને રોમાંચ હું તમને ક્યારેય નહીં સમજાવી શકું. પરંતુ માનવજાત સાથેનું આ તાદાત્મ્ય બેધારી તલવાર જેવું છે. માણસોની જાતજાતની નાદાની અને અપરાધોનું શું ? એ બધું જાણીને ઠંડે કલેજે બેસી ન રહેવાય. કંઈક કરવું પડે.

પણ શું ? આપણે શું કરી શકીએ ? કુદરત પરના અને માનવેતર જીવો પરના અત્યાચારો તો અસહ્ય છે જ. પરંતુ બીજા માણસો પરના અત્યાચારો કંઈ ઓછા છે ? જેમ વધારે સમર્થ થતા જઈએ છીએ તેમ તેમ આપણાથી નિર્બળ કે કોઈ ને કોઈ રીતે ઊતરતા લોકો પ્રત્યે વધારે ને વધારે અસહિષ્ણુ અને હિંસક થતા જઈએ છીએ. કોઈનો જીવ લેવો કે ઈજા પહોંચાડવી એ હિંસાનું સ્થૂળ સ્વરૂપ થયું.

જન્મજાત અધિકારોથી કોઈને વંચિત રાખવા, એમના અજ્ઞાનનો લાભ લઈ એમનું શોષણ કરવું, એમના તરફ હીનભાવ રાખવો એ પણ હિંસા નથી ? બીજી રીતે જોતાં જે ચડિયાતા હોય તેમના તરફ દ્વેષ રાખવો, તેમને બને તેટલું નુકસાન પહોંચાડવાની વૃત્તિ રાખવી એ પણ હિંસા નથી ?

સમાજની કે સરકારની ટીકા કરવાના સહેજે ઇરાદા વગર શું હું એક પ્રશ્ન પૂછી શકું કે અમુક વર્ગના માણસોના બાપદાદાએ અમારા બાપદાદા સાથે યોગ્ય વર્તન નહોતું કર્યું એનો બદલો લેવા એમને પણ સમાન અધિકારોથી વંચિત રાખવા જોઈએ એવો આગ્રહ શું યોગ્ય છે ? આમ તો પેઢી દર પેઢી વેર પ્રજ્વલિત થતું જ જશે. ગૌતમ બુદ્ધ પાસે આવેલી પેલી બે સ્ત્રીઓની માફક આપણે શું છેલ્લા પાંચસો જન્મોનો હિસાબ માગ્યા જ કરીશું ?

આમાં તો આપણો સોનાનો દેશ ધૂળમાં મળી જશે. મને એવું ન પૂછશો કે હું કયા જમાનામાં જીવું છું કે મને મારો દેશ સોનાનો લાગે છે ? મારો દેશ શા માટે, મને તો આખું જગત સોના જેવું મૂલ્યવાન લાગે છે. કોક દિવસ તો શાંતિથી બેસીને વિચારો, માણસે કેટલાં બધાં ક્ષેત્રોમાં કેવી અકલ્પનીય પ્રગતિ કરી છે ? એ બદલ આપણે ગૌરવ ન અનુભવી શકીએ ? તકલીફ એ વાતની છે કે આપણે બધા અલગ-અલગ વાડામાં વહેંચાઈ ગયા છીએ અને એકબીજાનું સારું જોઈ શકતા નથી. આ હુંસાતુંસીને લીધે જ આપણે દુઃખી થઈએ છીએ.

આ બધાનું મૂળ આપણું આ પાંચ કે છ ફૂટનું પાંજરું છે. એમાં પુરાઈ ગયેલા આપણે સુખી કેવી રીતે થઈ શકીએ ? જેટલાં પાંજરાં તેટલી સરખામણી, ચડસાચડસી અને દ્વેષ. જો આ પાંજરાં આપણે તોડી શકીએ, બહાર નીકળીને સમગ્ર માનવજાત સાથે – અરે, જીવન સાથે એકાત્મભાવ અનુભવી શકીએ તો નિરાશા દુઃખ કે દ્વેષનો પડછાયો પણ આપણને અડે જ ક્યાંથી ?

હું જાણું છું કે આ બધું કહેવું સહેલું છે, કરવું મુશ્કેલ ! એક જ ધંધાની વ્યક્તિઓ બીજા કોઈની પ્રગતિ જોઈ શકે છે ? સંગીતકાર, લેખક, અભિનેતા, ચિત્રકાર ફિલસૂફ વૈજ્ઞાનિક કોઈ કરતાં કોઈ પોતાના ક્ષેત્રની અન્ય વ્યક્તિની મોકળે મને પ્રશંસા કરી શકે છે ? ચાલો, જવા દો ને એ વાત. એક જ કુટુંબની વ્યક્તિઓ પણ આ હું, ને આ મારો બાપ કે આ મારી મા એવા અલગપણાનો અનુભવ કરે છે ને ? આ મારી પત્ની, આ મારાં બાળકો, આ મારો ભાઈ ને આ મારી બહેન એવું કહેતી વખતે ખરેખર, સાચા દિલથી સો ટકા સચ્ચાઈથી ઇચ્છે છે કે આ કે તે મારાથી ચડિયાતાં હોય ? એમાં હું સુખનો અનુભવ કરી શકું – નિર્ભેળ, સંપૂર્ણ સુખનો ?

એ જ નથી બનતું ત્યાં વસુધૈવ કુટુંબકમ્ બોલવાનો શો અર્થ છે ? જિંદગીએ મને આ શીખવ્યું છે – તમારી જાતને સદૈવ કેન્દ્રસ્થાને ન રાખો. રસ્તે ચાલતા અજાણ્યા બાળકનું સ્મિત ઝીલો અને પાછું વાળો, એક વિશાળ અને વિરાટ જીવનપ્રવાહનો તમે માત્ર એક અંશ છો એ સત્ય સ્વીકારો અને એનું ગૌરવ અનુભવો – ટૂંકમાં, પ્રેમ કરતાં શીખો. એથી વધારે કંઈ કરવાની જરૂર નથી.

– ધીરુબહેન પટેલ